MADHUBUN®

Revised Edition



# મધુકુંજ

## ગુજરાતી પાઠમાળા


# 1



શિક્ષાનો હેતુ :

| | | | | |
|---|---|---|---|---|
| તર્કસંગત વિચાર અને સ્વાયત્તતા | સ્વાસ્થ્ય અને લોકકલ્યાણ | લોકતાંત્રિક અને સામુદાયિક ભાગીદારી | આર્થિક ભાગીદારી | સાંસ્કૃતિક ભાગીદારી |

# ઈ





ઈનામ




ઈદ

## વાંચોઃ (Read)

| | | | |
|---|---|---|---|
| ઈદ | ભાઈ | રાઈ | ખીચડી |
| ઈશ | મીઠાઈ | ચઢાઈ | વીજળી |
| ઈડલી | બાઈ | ચટાઈ | વાદળી |


❁ ચિત્રમાં રંગ પૂરો.




# ઈ - ી



માછલી







બકરી ઈડલી ચકરડી

**વાંચોઃ (Read)**

| | | | |
|---|---|---|---|
| નદી | ખીર | ગીત | ચીમની |
| શરદી | કળી | ગીધ | નવી |
| દહીં | ગરમી | ધરતી | થાળી |

✿ ઈ ની માત્ર 'ી' લગાવી ચિત્રનું નામ પૂરું કરો.



દીપક



કળી



વીજળી

# ગીતા અને વાણી



વાણી ગીતાની મોટી બહેન છે.

દાદીમાંએ ખીર બનાવી.

ખીર ખાઈને ગીતા બહાર ગઈ.



બહાર વાણી વાર્તાની ચોપડી વાંચતી હતી.

તે વાર્તા એક છોકરીની હતી.

વાર્તાનું નામ - ''ભોળી છોકરી'' હતું.



તે છોકરી ઘણી ભોળી હતી.

તે બધાની મદદ કરતી હતી

## અભ્યાસ

**લખો.** (Write)

૧. ગીતાની મોટી બહેનનું નામ શું હતું ? ....વાણી....

૨. દાદીમાં શું બનાવે છે ? ..ખીર........

૩. વાણી શું વાંચી રહી હતી ? વાર્તાની ચોપડી

૪. વાર્તાનું નામ શું હતું ? ભોળી છોકરી

- ચિત્રનું નામ લખો.

....માછલી.... ....છોકરી.... ....સીટી.... ....કીડી....

- યોગ્ય જગ્યાએ શબ્દ લખો. (Arrange the following words)

વિશાળ, ધરતી, ચોપડી, વિમાન, ફરકડી, નિશાળ

| િ | ી |
|---|---|
| ....વિશાળ.... | ....ધરતી.... |
| ....વિમાન.... | ....ચોપડી.... |
| ....નિશાળ.... | ....ફરકડી.... |

- " િ અને ી " ની માત્રાવાળા કોઈ પણ બે નામ શોધીને લખો.

....વિમાન.... ....વીજળી....

- કોઈ પણ એવા બે ચિત્રો શોધો જેના નામ િ કે ી / ઇ કે ઈ થી શરૂ થતા હોય. ચિત્રો કાપીને નોટબુકમાં લગાવો.

# ઢીંગલીની સાડી



એક ઉંદરડી હતી.

આખો દિવસ તે આમ-તેમ કોતરતી રહેતી.

એક દિવસ રીનાની ઢીંગલી બહાર પડી હતી.

ઉંદરડી ઢીંગલી પાસે ગઈ.



કટ.. કટ..કટ કરતી ઉંદરડી કોતરવા લાગી.

તેણે ઢીંગલીની સાડી કોતરી નાખી. રીના દોડતી આવી.

ઉંદરડી બીકની મારી ભાગી ગઈ.

રીના ઢીંગલી ઉપાડીને ઘરમાં લાવી.







રીના બહુ જ ઉદાસ થઈ ગઈ.

દાદીમાં કપડું લાવ્યા.

ઢીંગલી માટે નવી સાડી બનાવી.

નવી સાડી પહેરીને ઢીંગલી ખુશ થઈ ગઈ.

હવે રીના પણ ખૂબ રાજી થઈ ગઈ.



## અભ્યાસ

ચિત્ર જોઈને કહો. (મૌખિક) (Oral Expression)

૧. ઢીંગલી કોની હતી?

૨. સાડી કોણે કોતરી?

૩. રીનાને શું થયું?

૪. નવી સાડી કોણે બનાવી?

## વાક્ય પૂરા કરો. (Fill in the blanks)

| |
|---|
| કપડું |
| કોતરી |
| સાડી |
| ઉંદરડી |

૧. ઉંદરડી સાડી ......કોતરી...... ગઈ.

૨. ......ઉંદરડી...... ભાગી ગઈ.

૩. દાદીમાં ......કાપડું...... લાવ્યા.

૪. ઢીંગલીની નવી ......સાડી...... બનાવી.

## તમારી ઢીંગલી માટે બે નામ વિચારીને લખો.

......ટીના...... ......પરી......

## તમારી પાસે ઢીંગલીની કઈ કઈ વસ્તુ છે તેની સામે ✓ કરો.




## ચાલો ઢીંગલી બનાવીએ :

આપણને જોઈશે • આઈસ્ક્રીમની ચમચી • કાળા રંગનું ઊન • બે કાળી અને એક લાલ બિંદી • માળા • સાડી માટે કપડું • ફેવિકોલ






## ચિત્રવાર્તા : માછલીઓની ચતુરાઈ



# ઉ








ઉપહાર ઉપવન

**વાંચો: (Read)**

| | | | |
|---|---|---|---|
| ઉર | ઉમા | ઉછળ | ઉધરસ |
| ઉષા | ઉગાર | ઉદય | ઉકાળ |

**પંક્તિમાં આપેલા ચિત્રોમાં જે અલગ છે ત્યાં ☺ બનાવો.**



# ઉ - ુ



બુલબુલ



ગુલાબ



ટુવાલ

## વાંચો: (Read)

| | | | |
|---|---|---|---|
| પુલ | સુધા | સુભાષ | સુર |
| ગુરુ | સુથાર | મધુર | ગુણ |
| સાબુ | કુમુદ | અરુણ | મુગટ |


**જુઓ અને લખો.**

ગ ગા ગિ ગી ગુ

ગૂ ગે ગૈ ગો ગૌ

# ઊ

ઊ



ઊન




ઊછળવું

**વાંચોઃ (Read)**

| | | |
|---|---|---|
| ઊસ | ઊગ | ઊગમ |
| ઊન | ઊણા | ઊણપ |

✿ શબ્દ વાંચો. જે અક્ષર દરેક શબ્દમાં આવ્યો છે તે લખો.






# ઊ - ૂ



સૂરજ



મૂછ



કબૂતર

## વાંચોઃ (Read)


બૂમ
દૂધ
દૂર

ધૂળ
શૂળ
કૂવા

મજૂર
ફૂદડી
ભૂખ

તરબૂચ
કબૂતર
નૂતન

## ચિત્રને સાચા નામ સાથે જોડો. (Match the following)









તરબૂચ
દૂધ
કબૂતર
મૂળો

સંકેત : 'ઉ' અને 'ઊ' ના ઉચ્ચારણ અને માત્રાનો તફાવત બાળકોને સમજાવો.

# તરબૂચનો રસ



માળીકાકા આવ્યા.
તરબૂચ અને ટેટી લાવ્યા.
પૂજા, ટેટી કાપીને ખવડાવ.
ટેટી બહુ જ ગળી છે.



જૂહી હવે તરબૂચ લાવ.
તરબૂચની ચીરી કાપ.
વાહ, કેવું લાલ તરબૂચ.
બીજ કાઢીને ખાઓ.
તરબૂચનો રસ કાઢો.
લાલ લાલ તરબૂચ, લાલ લાલ રસ.
નૂતન અહીંયા આવ,
તરબૂચનો લાલ લાલ રસ પી.
વાહ, કેટલો ગળ્યો રસ !

## અભ્યાસ

**લખો. (Write)**

૧. માળીકાકા શું શું લાવ્યા ? ..........તરબૂચ અને ટેટી
૨. ટેટી કેવી હતી ? ..........ગળી..........
૩. તરબૂચ કેવા રંગનું હતું ? ..........લાલ..........

## ❀ કોણે શું કર્યું ?



રસ પીધો



ટેટી કાપી

પૂજા

જૂહી

નૂતન

માળી






ટેટી અને તરબૂચ લાવ્યા





તડબૂચ કાપ્યું

## ❀ સાચો શબ્દ પસંદ કરી ચિત્રના નામ લખો. (Arrange the words)

| | | | |
|---|---|---|---|
|  | ......સૂરજ...... |  | ......કાજુ...... |
|  | ......ઉંદર...... |  | ......બૂટ...... |
|  | ......સૂપ...... |  | ......કબૂતર...... |

ઉંદર
સૂરજ
કબૂતર
કાજુ
સૂપ
બૂટ

## ❀ ચિત્રના નામ ઉપર ○ બનાવો.

| | | | |
|---|---|---|---|
|  | ઝુમ્મર | ફુવારો | (મુગટ) |
|  | જુલાબ | (ગુલાબ) | (ગુલાલ) |
|  | પૂડો | બૂચ | (મૂળો) |

# ગીત : લાડુ અને ભીમ



લાડુ લાડુ મીઠા લાડુ, ભીમને ભાવે મીઠા લાડુ
ઘી ગોળથી ભરપૂર લાડુ, માતા કુંતી બનાવે લાડુ,
એક પછી એક લાડુ પીરસાય, ભીમનું મન ના ધરાય
લાડુ ખાય ભીમ મહારાજ, રસોઈયા થાય હેરાન
ધીરે ધીરે બધુ ખાલી થાય , મા કુંતીને જાણ થાય.
લાડુ લઈ માતા જાય, ભીમને મન આનંદ થાય.
માતાને હાથે લાડુ ખાય, સંતુષ્ટિનો ઓડકાર થાય.
લાડુનો જાદુ થાય જ્યારે માતાને હાથે કોઈ ખાય.




## અભ્યાસ

**જવાબ લખો.**

૧. લાડુ કેવા છે ? ......મીઠા......
૨. કોને લાડુ બહુ ભાવે છે ? ......ભીમને......
૩. લાડુ શેના બનેલાં છે ? ......ઘી-ગોળથી......
૪. ભીમના માતા કોણ છે ......કુંતી......
૫. લાડુનો જાદુ ક્યારે થાય ? માતાના હાથથી ખાયને

**ચિત્રને જોઈને મીઠાઈના નામ પૂરા કરો (Fill in the blanks)**


ગુ.લા.બ.જાં.બુ. ..લાડુ સુ.ત.ર.ફે..ણી

વિદ્યાર્થીઓ પોતાને ભાવતી કોઈ પાંચ મીઠાઈના નામ લખશે.

| | |
|---|---|
| પેંડા | મોહન થાળ |
| લાડુ | કાજુ કતરી |
| બરફી | સુખડી |

## ઋષિ ચાલ્યા તપ કરવાં

ઋષિ ચાલ્યાં તપ કરવાં, ભાઈ
ઋષિ ચાલ્યાં તપ કરવાં
લાંબી લાંબી જટાઓ માથે
હાથમાં સુંદર કમંડળ સાથે
ઋષિ ચાલ્યાં તપ કરવાં.
જંગલમાં મૃગ સાથે રમતાં
ધ્યાનમાં પ્રભુનું નામ લેતાં
કંદમૂળ ખાઈને તપ કરતાં
ઋષિ ચાલ્યાં તપ કરવાં.



# ઋ

ઋ



ઋતુ



ઋષિ

## વાંચો: (Read)

| | | |
|---|---|---|
| ઋતુ | ઋચા | ઋતુરાજ |
| મૃગ | વૃક્ષ | નૈઋત્ય |

✿ ઉપરથી યોગ્ય શબ્દ શોધીને ચિત્રના નામ લખો.



ઋષભ



ઋતુ



વૃક્ષ



મૃગ

સંકેત : બાળકોને સમજાવો કે મ + ઋ = મૃ, વ + ઋ = વૃ થાય.

# શાકભાજી

તૂરીયા
(Sponge-gourd)



સરગવો
(Drumstick)



ટમેટાં
(Tomato)



બટાટા
(Potato)



મૂળો
(Radish)





રીગણ
(Brinjal)



કારેલા
(Bitter-gourd)

# ગીત : દુનિયાની અજાયબીઓ

## દુનિયાની અજાયબીઓ



દુનિયા આખીમાં મારે છે
ઘણું ઘણું જોવાનું.
અહીંયાં બેસી રહેતાં મારે
શું શું નહીં ખોવાનું ?
ધરતીનો છેડો છે ક્યાં ને,
સૂરજ આવે ક્યાંથી ?
કોયલ કાળી, પોપટ લીલો
બગલો ધોળો શાથી ?
શિયાળો ઠંડો છે શાથી ?
ગરમી કેમ ઉનાળે ?
ચોમાસામાં ગાજવીજ શેં ?
તણખો શાથી બળે ?
ચાર પગે કેમ પશુઓ ચાલે ?
પંખીને કેમ પાંખો ?
આવી દુનિયા જોવા મુજને
દીધી કોણે આંખો ?

- સ્નેહરશ્મિ

સંકેત : આ કવિતા ગાવા અને આનંદ માટે છે. કવિતામાં આવતી દુનિયાની અજાયબીઓ વિશે બાળકોને સમજાવો.

# ગીત : રીંછ એકલું

## રીંછ એકલું ફરવા ચાલ્યું



રીંછ એકલું ફરવા ચાલ્યું હાથમાં લીધી સોટી;
સામે રાણા સિંહ મળ્યા ને, આફત આવી મોટી.
ઝૂકી ઝૂકી ભરી સલામો, બોલ્યું મીઠાં વેણ;
''મારે ઘરે પધારો રાણા રાખો મારું કહેણ.
હાડચામડાં બહું બહું ચૂંથ્યાં ચાખોજી મધ મીઠું;
નોતરું દેવા ખોળું તમને આજે મુખડું દીઠું !''
રીંછ જાય છે આગળ એના પગ ધબધબ,
સિંહ જાય છે પાછળ એની જીભ લબલબ.
''ઘર આ મારું જમો સુખેથી, મધની લૂમેલૂમ,
ખાવા જાતા રાણાજીએ પાડી બૂમેબૂમ !''



મધપૂડાનું વન હતું એ, નહીં માખોનો પાર
બટકું પૂડો ખાવા જાતાં વળગી લારોલાર
આંખે, મોઢે, જીભે, હોઠે ડંખ ઘણેરાં લાગ્યા
''ખાધો બાપ રે !'' કરતાં ત્યાંથી વનરાજા તો ભાગ્યા.
રીંછ એકલું ફરવા ચાલ્યું હાથમાં લીધી સોટી
સામે રાણા સિંહ મળ્યા ને, આફત ટાળી મોટી



કવિ - રમણલાલ સોની

# મારું કુટુંબ / પરિવાર







## નામ લખો.

મારું નામ —..............................

માતાનું નામ —..............................

પિતાનું નામ —..............................

ભાઈ/બહેન —..............................

ફોટો

સંકેત : બાળકો તેમનો ફોટો ચોંટાડશે. તેમના પરિવારના સભ્યોના નામ લખશે.